# આ દ્રશ્ય-માહોલ વર્ણવી શકાય તેમ નથી : મોદી

**પ્રધાનમંત્રી દ્વારા નેશનલ ગેમ્સનું ઉદ્ઘાટન : દેશનો સૌથી મોટો ખેલ ઉત્સવ જ્યારે આયોજન અદ્દભુત અને અદ્વિતીય હોય તો તેની ઉર્જા પણ અસાધારણ હશે**






અમદાવાદ, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૩૬માં નેશનલ ગેમ્સનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે બોલતા તેમણે કહ્યું હતું કે, આ દ્રષ્ય, તસ્વીર, આ માહોલ શબ્દોથી પરે છે. વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ, વિશ્વનું આટલો યુવાન દેશ, અને દેશનો સૌથી મોટો ખેલ ઉત્સવ જ્યારે આયોજન આટલું અદ્દભુત અને અદ્વિતીય હોય તો તેની ઉર્જા પણ આટલી અસાધારણ હશે. દેશના ૩૬ રાજ્યોથી ૭૦૦૦થી વધારે એથ્લેટ્સ, ૧૫૦૦૦થી વધુ પ્રતિભાગી, ૩૫૦૦૦થી વધુ કોલેજ, યુનિવર્સિટી અને સ્કૂલના સહભાગીતા અને ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓનું નેશનલ ગેમ્સ સાથે સીધુ જોડાણ, આ અદ્દભૂત છે. આ અભૂતપૂર્વ છે. નેશનલ ગેમ્સની એન્થેમ 'જુડેગા ઈન્ડિયા, જીતેગા ઈન્ડિયા' છે. આ શબ્દ, આ ભાવ, આજે આકાશમાં ગૂંજી રહ્યા છે. તમારો ઉત્સાહ આજે તમારા ચહેરા પર ચમકી રહ્યો છે. આ ચમક શરૂઆત છે ખેલની દુનિયાના આવનારા સુવર્ણના ભવિષ્યની. નેશનલ ગેમ્સનું પ્લેટફોર્મ તમારા માટે નવા લોન્ચિંગ પેડનું કામ કરશે. હું આ ગેમ્સમાં સામેલ તમામ ખેલાડીઓને શુભકામનાઓ આપું છું. સાથીઓ હું આજે ગુજરાતના લોકોની પ્રશંસા કરું ચું જેમણે ઓછા સમયમાં ભવ્ય આયોજન કર્યું છે. આ ગુજરાતનું સામર્થ્ય અને અહીંના લોકોનું સામર્થ્ય છે. તમને ક્યાંક ઉણપ દેખાય કે અસુવિધા થાય તો તેના માટે હું ગુજરાતી તરીકે તમારી પાસે એડવાન્સમાં ક્ષમા માંગી લઉ છું. અમદાવાદમાં જે રીતે શાનદાર ભવ્ય ડ્રોન શો થયો તે જોઈને તો બધા લોકો આશ્ચર્યમાં છે અને ગર્વથી ભરેલા છે. ટેક્નોલોજીનો આવો ઉપયોગ ડ્રોનની જેમ ગુજરાતને અને ભારતને નવી ઊંચાઈ પર લઈ જશે. અહીં પહેલા નેશનલ કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું તેની સફળતાની પણ ઘણી ચર્ચા થઈ રહી છે. આ તમામ પ્રાયસો માટે હું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને તેમની ટીમની પ્રશંસા કરું છું. થોડા દિવસ પહેલા નેશનલ ગેમ્સનું ઓફિશિયલ મેસ્કોટ 'સાવજ' પણ લોન્ચ થયો છે. જે ભારતના યુવાનોનો મિજાજ દેખાડે છે. નીડર બનીને મેદાનમાં ઉતરવાનું શીખવાડે છે. વિશ્વમાં ઝડપથી ઊભરી રહેલા ભારતનું પણ પ્રતિક છે. તમે જે સ્ટેડિયમમાં હાજર છો તેની વિશાળતા અને આધુનિકતા પણ એક અલગ પ્રેરણાનું કારણ છે. આ સ્ટેડિયમ તો દુનિયાનું સૌથી મોટું સ્ટેડિયમ તો છે જ પરંતુ સાથે જ આ સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવ ઘણી બધી રીતે અલગ છે. સામાન્ય રીતે આ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ એક કે બે કે ત્રણ રમતો પર કેન્દ્રીત હોય છે પરંતુ આ કોમ્પલેક્સમા ફૂટબોલ, હોકી, બાસ્કેટબોલ, કબડ્ડી, બોક્સિંગ અને લોન ટેનિસ જેવી અનેક રમતોની સુવિધા ઉપલબ્ધ છે.

## સમગ્ર દેશમાં ગુજરાતને મળ્યો આયુષ્માન ઉત્કૃષ્ટતા પુરસ્કાર

ગાંધીનગર,તા.૨૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને આયુષ્માન બનાવવા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્યાન્વિત કરી છે. આયુષ્માન ભારત 'પીએમજેએવાય.- મા' યોજના અંતર્ગત ગુજરાત રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સૌથી વધુ આયુષ્માન કાર્ડ કાઢી શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ NHA, નવી દિલ્હી ખાતે ૨૬મીના રોજ "આયુષ્માન ઉત્કૃષ્ટતા પુરસ્કાર ૨૦૨૨" એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ૫૦ લાખ આયુષ્માન કાર્ડ કાઢી ઉત્તરપ્રદેશ અને છત્તીસગઢની તુલનામાં ગુજરાતે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવીયાના વરદહસ્તે ગુજરાતના આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અને કમિશ્નર શ્રીમતી શાહમીના હુસૈને આ ગૌરવપ્રદ એવૉર્ડ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે રાજયના અધિક નિયામક ડૉ. રાજીવ દેવેશ્વર અને જનરલ મેનેજર SHA ડૉ. શૈલેષ આનંદ પણ હાજર રહ્યા હતા. ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૨ થી જનહિતાર્થે કાર્યરત "મા" અને "મા વાત્સલ્ય" યોજનાનો વ્યાપ વધારવા રાજ્ય સરકારે કેન્દ્ર અને રાજ્ય સરકારની આરોગ્યલક્ષી યોજનાનો સમન્વય કરીને "પી.એમ.જે.એ.વાય.–મા" યોજના કાર્યન્વિત બનાવી છે. રાજ્યની ૧૮૮૪ સરકારી અને ૮૦૩ ખાનગી હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ હેઠળ સામાન્ય બિમારીથી લઈને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ જેવી ગંભીર તેમજ ખર્ચાળ બિમારીઓ માટે કુલ ૨૭૧૧ જેટલી નિયત પ્રોસીજરો/ઓપરેશનોનો લાભ મળવાપાત્ર છે.

## સોલાર રૂફટોપ ઈન્સ્ટોલેશનમાં ગુજરાત દેશમાં અવ્વલ નંબરે

અમદાવાદ,તા.૨૯

સતત વધતી જતી મોંઘવારીને કારણે લાઈટ બિલ બચાવવા હવે લોકો સોલાર તરફ વળ્યાં છે. એવામાં ગુજરાત મુલાકાતે આવેલાં પીએમ મોદીએ પણ રિન્યુએબલ એનર્જી પર ભાર મુકવાની સલાહ આપી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે અગ્રેસર રહેવાના સ્વપ્નને વેગ આપવાના મક્કમ નિર્ધાર સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા "સૂર્ય ગુજરાત" યોજનાનો કાર્યાત્મક સમયગાળો લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૯થી શરૂ કરાયેલી આ "સૂર્ય ગુજરાત" યોજનાની સમય મર્યાદા માર્ચ-૨૦૨૨ સુધીની હતી. સોલાર રૂફટોપ ઉપર સબસીડી આપતી આ યોજનાનો કાર્યાત્મક સમયગાળો માર્ચ-૨૦૨૫ સુધી લંબાવવામાં આવ્યો છે તેમ ઉર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું. મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, આ નિર્ણયથી રાજ્યના ૭ લાખ જેટલા રહેણાંક ગ્રાહકોને ૩૦૦૦ મેગા વોટની સોલાર કેપેસીટી માટે અંદાજીત રૂ. ૪૯૮૯ કરોડ સબસીડીનો લાભ ત્રણ વર્ષમાં મળશે.

## ૨જી ઓક્ટોબરે સૂર અને શબ્દથી ગાંધી ભાવવંદના જે પીડ પરાઈ જાણે રે....

ગાંધીનગર, તા. ૨૯

આપણે સૌ ગાંધીનગર વાસીઓ માટે પૂજ્ય મહાત્મા ગાંધીનો જન્મદિવસ તા. ૨જી ઓક્ટોબર કલાગુર્જરી, ગાંધીનગર દ્વારા સતત સોળમાં વર્ષે પણ એ જ સમયે સૂર અને શબ્દથી પૂ. બાપુની ભાવવંદના કરવાનો અવસર, આવી પહોંચ્યો છે માત્ર દેશ જ નહીં સમગ્ર વિશ્વ એમના જન્મદિવસને વિશ્વ અહિંસા દિવસ તરીકે ઉજવે છે ત્યારે આપણા કલા સંસ્કૃતિના નગર ગાંધીનગરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨જી ઓકટોબર અને રવિવારના રોજ યુગપુરુષ મહાત્મા ગાંધીજીની ૧૫૩મી જયંતી ગાંધીનગર આપણે સૌ ગાંધી પ્રેમીઓ સાથે મળી ભાવાંજલિ આપીશું. ગાંધી જયંતીની ઉજવણી આ વર્ષે પ્રસિદ્ધ કલાકાર શ્રી પંડિત નીરજ પરીખ તેમજ તેમના વૃંદ દ્વારા પ્રસ્તુત ભજનો, ગીતો સાથે ભજનાંજલિ દ્વારા શુક્રવારે ઉજવીશું. તદુપરાંત આ પ્રસંગે શ્રી મનોજ શુક્લ ઉદઘોષક (કોમ્પેરર) તરીકે સેવાઓ આપવાનાછે ૨૦૧૯- ૨૦ ના વર્ષોમાં કૉવિડની વૈશ્વિક મહા મારીના કારણે, આપણે બધાએ રોજિંદા જીવનમાં અનેક પરિવર્તનો કરવાની ફરજ પડેલી, એ અન્વયે પૂ. બાપુનો ભજનાંજલીનો કાર્યક્રમ પણ આ પરિવર્તનમાંથી બાકાત રહેલ નહિ અને આપણે સૌ સાથે ભાવાંજલિ આપી શકેલ નહી. આ વર્ષે આપણી કાયમની જગ્યા, ટાઉન હોલ અને ગ્રંથાલયની સામેના મેદાનમાં, ખુલ્લા આકાશમાં કુદરતી સાનિધ્યમાં, હંમેશની માફક સવારે સાડા છ થી સાડા આઠના સમયે જ અને ખુલ્લા મેદાનમાં, મંચ પર, પ્રતિ વર્ષની જેમ જ મળીશું આ વર્ષે આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ફેસબુક પર પણ કલાગુર્જરી પેજ પર કરવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આજની ગાંધીનગરની મુલાકાતને લઈ એક હજારથી વધુ કર્મયોગીઓના આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા છે.
- રેલ્વેસ્ટેશન પર વંદે ભારત ટ્રેઈનના શુભારંભની તૈયારીઓને આજે અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં તીવ્ર હીટવેવ ચાલી રહ્યો છે. આજે પણ તાપમાન ૩૪ ડિગ્રી નોંધાયુ હતુ.
- નેશનલ ગેમ્સના ગાંધીનગરમાં આયોજનને લઈ ૧૨ મેડીકલ ટીમો તૈનાત કરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં ૧૫૯૧ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- આરોગ્ય કર્મીઓના આંદોલનને પગલે આરોગ્ય સેવાના રિપોર્ટીંગની કામગીરી પર વિપરીત અસરો પડી છે.
- વિસનગરા નાગર સમાજ ગાંધીનગર દ્વારા આજે બેઠા ગરબાનું આયોજન કરવામાં આવ્યુ છે.
- રાષ્ટ્રીય રમતોત્સવને લઈ કર્મયોગી ભવનના પ્રવેશદ્વારે ખાસ કમાન ઉભી કરવામાં આવી છે.
- સરિતાઉદ્યાન ખાતે પણ રાષ્ટ્રીય રમતોત્સવને લઈ ખાસ સજાવટ મનપા દ્વારા કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિકની સમસ્યા સતત વધી રહી છે.
- સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો પણ વધી રહી છે.
- જુની પેન્શન યોજના અને ફિક્સ પગારના મુદે આજે જુના સચિવાલય ખાતે કર્મચારી મહામંડળ દ્વારા ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

### ઈન્દ્રોડા હત્યા પ્રકરણમાં

## મૃતકની પત્નીએ પ્રેમીની સાસરીમાં ઓળખ ધર્મના ભાઈ તરીકે આપી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં સમાવેશ ઈન્દ્રોડા ગામના યુવાનની હત્યા પ્રકરણમાં પોલીસે પત્નીના ગોઝારીયાના પ્રેમી અને તેના નોકરની ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપીઓને કોર્ટમાં રજુ કરતા સોમવાર સુધીના રીમાન્ડ મેળવ્યા હતા. ત્યારે મૃતક કિરણની પત્નીએ સાસરી ઈન્દ્રોડા ખાતે પ્રેમી જીતેન્દ્ર પટેલની ઓળખ ધર્મના ભાઈ તરીકે આપી હતી. વર્ષો જુનો પ્રેમ ત્રણ વર્ષથી ફરીવાર પાંગર્યો હતો. જેથી ધર્મના ભાઈના નામે પ્રેમી અવાર-નવાર પ્રેમીકાને મળવા ઘરે આવતો જતો હતો. ત્યારે મૃતક યુવાન ધર્મના ભાઈ બહેનની નજરે જ તેમના સંબંધોને જોતો હોવાનું પોલીસ તપાસમાં ધ્યાને આવ્યું છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જે તે સમયે પ્રેમીલાનો ભાઈ જીતેન્દ્રને ત્યાં નોકરી કરતો હતો. જેથી પ્રેમીલા તેના ભાઈને લેવા મુકવા માટે જતી હતી. તે સમયે જીતેન્દ્ર સાથે આંખ મળી જતા પ્રેમના અંકુર ફુટ્યા હતા. લાંબા સમય સુધી પ્રેમ સંબંધ હોવા છતા તેમના લગ્ન થઈ શક્યા ન હતા. જયારે પ્રેમીલાના લગ્ન ઈન્દ્રોડા ખાતે કિરણ વિરાજી મકવાણા સાથે થઈ ગયા હતા. લગ્ન જીવન દરમિયાન તેઓને ૧૨ અને ૧૫ વર્ષના બે દિકરા પણ છે. જયારે જીતેન્દ્રના પણ લગ્ન થઈ ગયા છે અને તેને એક સંતાન છે. ત્યારે ત્રણ વર્ષ અગાઉ તેણે પ્રેમીલાનો સંપર્ક કર્યો હતો. સામાજીક બંધનોને પગલે જાહેરમાં મળી શકાયએ શક્ય ન હતું. જેથી પ્રેમીલાએ પતિ કિરણ સહિતના સાસરીયાને પ્રેમી જીતેન્દ્રની ઓળખાણ ધર્મના ભાઈ તરીકે કરાવી હતી. તેથી પ્રેમીલાને મળવા માટે જીતેન્દ્ર મુકત રીતે મળવા માટે આવન જાવન કરતો હતો. પારિવારીક સંબંધોને પગલે જીતેન્દ્ર સારા-નરસા પ્રસંગોમાં પણ આવતો જતો હતો. ત્યારે કિરણ મકવાણા બંનેના સંબંધને ભાઈ બહેન તરીકે જોતો હતો. ત્યારે વર્ષો જુનો પ્રેમ ફરીવાર પાંગરતા જીતેન્દ્રને હવે કિરણ આંખમાં કણાની જેમ ખુંચતો હતો.જેથી જીતેન્દ્રએ નોકર જૈમીન સાથે મળી તા.૨૬ના રોજ નોકરી જઈ રહેલા કિરણ મકવાણાને ગોળી મારી હત્યા કરી હતી.

## છઠ્ઠા વિશેષ ગરબા મહોત્સવમાં સ્પેશિયલ બાળકોએ નવરાત્રીની મોજ માણી



ગાંધીનગર, તા.૨૯

મનોદિવ્યાંગ બાળકોના ક્ષેત્રે કામ કરતી સંસ્થા જે. ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત "વિશેષ એજયુકેશન એન્ડ થેરાપી સેન્ટર ફોર સ્પેશ્યલી એબલ્ડ ચિલ્ડ્રન" નો છઠ્ઠો "વિશેષ ગરબા મહોત્સવ" નવરાત્રીના બીજા નોરતા તા.૨૭મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગરના સેક્ટર ૧૬માં રંગમંચ ખાતે ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં આશરે ૧૫૦ જેટલાં મનોદિવ્યાંગ બાળકો તેમજ તેમના વાલીઓ અને મહેમાનો તેમજ મોટી સંખ્યામાં વ્યક્તિઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

કોરોના મહામારીના કપરાં કાળ પછી વર્ષ ૨૦૨૨ની નવરાત્રી વધુ ઉમળકાભેર ઉજવવાની દરેકની તૈયારી છે તેવામાં મનોદિવ્યાંગ બાળકો પણ કંઈ પાછળ રહે તેમ નથી. જે ડી પટેલ પ્રગતિ ફાઉન્ડેશન તેમજ સાધના પરેન્ટ્સ એસોસિએશનના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા, સરદાર સરોવર નર્મદા નિગમના નિયામક વસંતભાઈ રાવલ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સેક્રેટરી આર.આર. રાવલ, ગાંધીનગર સ્માર્ટ સિટી પ્રોજેક્ટના આઈટી વિભાગના ડેપ્યુટી જનરલ મેનેજર ઈશા ભગતે આરતી ઉતારીને માં જગદંબાની આરાધના કરી હતી. કાર્યક્રમમાં સ્વસ્તિક મ્યુઝિકલ પાર્ટી મિતેષ ડોડીયા દ્વારા મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતું. સંસ્થાના ફાઉન્ડર એન્ડ ચેરમેન અનુપ પરીખ, વિશેષ એજયુકેશન સેન્ટરના ડાયરેક્ટર દિપાલી ઉપાધ્યાય, વિશેષ એજયુકેશન સેન્ટરના પ્રિન્સિપાલ ડો. ચિરાગ ઉપાધ્યાય, સંસ્થાના ટ્રેઝરર ભાનુપ્રસાદ ચૌહાણે કાર્યક્રમમાં હાજરી આપી હતી.


